ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન કાળી કાજુ કલાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન હરીયાળી ઘટાના હિંડોળા યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સવારે ૮.૩૦ કલાકે કૌટીલ્યભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૦૫/૧, સે-૩-ન્યુ ખાતે લઘુરૂદ્ર અભિષેક યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે દિવાસળીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે પરેશભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૯૦૩/૧, સે-૧૩-બી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯.૦૦ કલાકે સે-૨૪ (જ-૧), બ્લોક નં. ૪ પાસે, દશામાના મંદિર ખાતે માતાજીનો ગરબો યોજાશે.

● શકિત મંડળ દ્વારા બપોરના ૩.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન પુષ્પાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૫૯/૨, સે-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૨ બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન ક્રિયાનો નિ:શુલ્કપણે કાર્યક્રમ યોજાશે.

● શહેર વસાહત મહામંડળ દ્વારા જીઈબી ગેસ્ટ હાઉસ ખાતે સવારે ૯.૦૦ કલાકે શહેરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે તકિત પૂજન કરી, કેક કાપીને ગાંધીનગરનો પરમો જન્મદિવસ ઉજવાશે.

● નર્મહરી ફાઉન્ડેશન દ્વારા સે-૨-એ ખાતે સાંજે ૫.૩૦ કલાકે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે.

● ગુંજ ફાઉન્ડેશન દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સે-૧૬ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે.

# શહેરમાં પ્રથમવાર સવા લાખ રૂદ્રાક્ષનું મહાશિવલીંગ

## સે-૭માં શિવશકિત મંદિર ખાતે રૂદ્રાક્ષના મહાશિવલીંગના દર્શનનો અંદાજે પાંચ લાખ ભાવિકો લાભ લેશે

ગાંધીનગર, તા.૧

પવિત્ર શ્રાવણ મહિનામાં શિવ ઉપાસનાના રહેલા મહિમામાં ગાંધીનગર ખાતે પ્રથમવાર સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષના મહાશિવલીંગનું સે-૭માં શિવશકિત મંદિરે ભવ્યાતીત આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ સુદ-૧ને ત્રીજી ઓગષ્ટથી આગામી પહેલી સપ્ટેમ્બર સુધી જાહેર જનતાના દર્શનાર્થે ખુલ્લા રહેનારા આ પંચમુખી મહાશિવલીંગ ઉપર ભાવિક ભકતો દ્વારા બિલીપત્ર, ફુલ અને જળના અભિષેક કરવા સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી સમગ્ર શ્રાવણ મહિનાની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

ગાંધીનગરમાં પ્રથમવાર શ્રી પંચમુખી રૂદ્રાક્ષના ૧૬ ફુટ ઊંચા મહાશિવલીંગનું સે-૭માં શ્રી શિવશકિત મંદિર ખાતે ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૧ બ્રાહ્મણો દ્વારા કુલ ૧૭ દિવસ સુધી જહેમત ઉઠાવી સવા લાખ રૂદ્રાક્ષના મહાશિવલીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. શિવ મહિમા માટે શ્રેષ્ઠ ગણાતા પવિત્ર શ્રાવણ માસના શુભારંભ તા. ૩જી ઓગષ્ટના રોજ સવારે ૭.૩૦ કલાકથી આ મહાશિવલીંગને પૂજા અર્ચન સાથે ભાવિક ભકતોનાં દર્શન માટે ખુલ્લુ મુકવામાં આવશે. જેમાં આગામી ૧ લી સપ્ટેમ્બરના રોજ સાંજે પૂર્ણાહુતી સાથે વિસર્જન કરાશે. સમગ્ર શ્રાવણ મહિના દરમિયાન દરરોજ પરોઢિયે પાંચ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી ભાવિકો દર્શનનો લાભ લઈ શકશે. તેમાં બપોરે ૧૨.૩૦થી ૩.૩૦ સુધી વિરામનો સમય રહેશે. આ સ્થળે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે યજ્ઞશાળામાં લઘુરુદ્ર યજ્ઞ, મહા રૂદ્રયજ્ઞ, બિલ્વપત્ર અનુષ્ઠાન, મહામૃત્યુંજય જાપ, પ્રહર પૂજા તેમજ છપ્પનભોગ જેવા ધાર્મિક કાર્યક્રમો, પૂજા-હવનનું પણ પાટનગરની પ્રજાની સુખ શાંતિ માટે આયોજન કરવામાં આવ્યું છે.

આ અદભુત અને અલૌકિક મહાશિવલીંગનું નિર્માણ કરનાર શાસ્ત્રી આશિષભાઈ દવે મહુવા-ભાવનગરના વતની છે. આંતરરાષ્ટ્રીય જયોતિષ આશિષભાઈ દવે એ આ અગાઉ આણંદ, સુરત, વાપી અને મુંબઈ (ભાયંદર)માં રૂદ્રાક્ષના મહાશિવલીંગનું નિર્માણ કરેલું છે. આ વખતે સતત પાંચમા વર્ષે ઊંઝામાં સાંઈબાબા મંદિરે ૧૯ ફુટ ઊંચા સવા બે લાખ પંચમુખી રૂદ્રાક્ષના મહાશિવલીંગનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

સમગ્ર શ્રાવણ માસ દરમિયાન આ મહાશિવલીંગ ઉપર ભાવિકો દર્શન કરી ગંગાજળ અને અત્તર મિશ્રિત જલનો અભિષેક કરશે. આ ઉપરાંત બિલીપત્ર અને ફુલ પણ ચઢાવી શકાશે. આ પ્રસંગે ભાવિકો માટે, રૂદ્રાક્ષની માળા તેમજ ૧ થી ૨૧ મુખી રૂદ્રાક્ષ પૂજા સાથે સિદ્ધ કરીને આપવાની સુવિધા પણ કરવામાં આવી છે. આ મહાશિવલીંગમાં નેપાળી રૂદ્રાક્ષનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે હરીદ્વાર અને ઈન્ડોનેશિયન રૂદ્રાક્ષ કરતાં શ્રેષ્ઠ હોવા સાથે ડુપ્લીકેટ હોવાના ભય વિનાનું મોટું ફળ હોય છે.

સે-૭સીમાં આવેલા શ્રી શિવશકિત મંદિરના ૨૦માં પ્રતિષ્ઠા દિન પ્રસંગે જ નવા રંગરોગાન અને ડીઝાઈન સાથે જીર્ણોદ્ધાર કરી સમગ્ર મંદિરની દિવ્યતામાં આકર્ષક વધારો કરવામાં આવ્યો છે. શ્રી શિવશકિત વસાહત મંડળના પ્રમુખ લાલુભા વઘેલા અને મહામંત્રી તળજાભાઈ દેસાઈએ જણાવ્યું છે કે આ મંદિરે નવરાત્રીની અભૂતપૂર્વ ઉજવણીમાં સમગ્ર પાટનગર ખાતે નામના મેળવી છે. આ ઉપરાંત શિવરાત્રી, જન્માષ્ટમી, ગૌરીવ્રત, જયાપાર્વતી વ્રત, વટસાવિત્રી, કેવડાત્રીજ વગેરે તહેવારો અને ઉત્સવોની વસાહતીઓના સાથ સહકારથી ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. આ વખતે ગાંધીનગરની પ્રજાની સુખ શાંતિ માટે



મહાશિવલીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં સમગ્ર શ્રાવણ માસ દરમિયાન પાંચ લાખ ભાવિકો દર્શનનો લાભ લે તેવો અંદાજ છે.

દર્શનાર્થે આવતા ભાવિ ભકતોને પ્રસાદી સ્વરૂપે શ્રાવણ માસ બાદ રૂદ્રાક્ષ આપવામાં આવશે જેથી ભકતોને વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા અનુરોધ લાલુભા વાઘેલાએ કર્યો છે.

## વાતવાતમાં

● સે-૨૧માં સત્તાધાર રેસ્ટોરન્ટ ખાતે શ્રાવણ માસના પ્રારંભ નિમિત્તે નગરજનોને ગંગાજળનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંતના હસ્તે ૫ હજાર શ્રધ્ધાળુઓને અડધા લીટરના ગંગાજળના કેરબાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● ઘ-૪ સર્કલે બનાવાયેલા ટ્રાફિક આયલેન્ડમાં ખોદકામ કરી ફેર્મિંગ સ્ટ્રકચર ઉભું કરાયું છે. આ સ્ટ્રકચર જોતા અહીં પણ પથિકાશ્રમ સર્કલની જેમ એલઈડી સ્ક્રીન લગાડાશે તેવો નગરજનો અંદાજ બાંધી રહ્યા છે.

● સે-૧૩માં આગામી તહેવારોને અનુલક્ષીને રોજી રળવા સાયકલ પર ખેલ બતાવતા કલાકારોનું આગમન થયું છે. સાયકલ પર અનેક જોખમી સ્ટંટ દર્શાવતા આ કલાકારો નગરજનોનું તહેવારોની રજાઓમાં મનોરંજન કરશે.

● સે-૨૪ ચોકડી પાસે આવેલ એસબીઆઈ બેંકની શાખામાં સ્ટાફની અછતના કારણે માત્ર એક કાઉન્ટર ચાલુ રહ્યું હતું. એમાં પણ નેટ કનેકિટવટીના ધાંધિયાના કારણે ગ્રાહકોને કલાકો સુધી ટ્રાન્ઝેકશન માટે ઉભા રહેવું પડવાથી તેમના બીજા અગત્યના કાર્યો ખોરંભે ચઢતા ગ્રાહકો અકળાયા હતા.

● શહેરમાં આવતા રવિવારે આવી રહેલા ફ્રેન્ડશીપ ડેને અનુલક્ષીને અવનવા ફ્રેન્ડશીપ બેન્ડનું આગમન થઈ ચુકયું છે. આ સાથે વિવિધ ડિઝાઈનની લેટેસ્ટ રાખડીઓ પણ રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને બજારમાં જોવા મળી રહી છે.

# ત્રિ-દિવસીય મહોત્સવ 'સ્પાર્કસ-૨૦૧૬'નો ભવ્ય શુભારંભ

## ઈન્ટરસ્કૂલ સ્પર્ધા 'સ્પાર્કસ'ની અંતાક્ષરી સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ વિજેતા

ગાંધીનગર, તા.૧

ઈન્ટરસ્કૂલ સ્પર્ધાના ત્રિ-દિવસીય મહોત્સવ સ્પાર્કસ-૨૦૧૬નો આજે માઉન્ટકાર્મેલ શાળામાં ભવ્ય શુભારંભ થયો હતો. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહા, લાયન્સ કલબના પ્રમુખ શ્રી નિમેષ રાવલ, માઉન્ટ કાર્મેલ શાળાના પ્રિન્સીપાલ સીસ્ટર રેણુકા, મેનેજર સીસ્ટર વેરોનિકા, ટૉપ એજ્યુકેશનના શ્રી સંદીપ પટેલ અને નિશાન મોટર્સના સુબ્રતો રૉયએ દીપ પ્રગટાવીને કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો.

શ્રી કૃષ્ણકાન્ત જહા એ પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓને આવી સ્પર્ધાઓમાં ભાગ લઈ તેમજ આયોજન કરી પોતાની આંતરિક શક્તિઓને શોધવાનું અને બહાર લાવવાનું આહ્વાન આપ્યું હતું. સ્પાર્કસ-૨૦૧૬ની આયોજક ટીમના અધ્યક્ષ તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મહર્ષિ રાવલે આ કાર્યક્રમ પ્રતિ વર્ષ યોજી શાળાની પરંપરા





બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સ્કૂલ મેનેજમેન્ટ, લાયન્સ કલબ, તેમજ સમગ્ર ટીમના સાથ-સહકારથી આજે સ્વપ્ન સાકાર થયું છે, એમ તેમણે પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું. સાથે ગાંધીનગરની અન્ય સ્કૂલોના સહકાર માટે આભાર-આનંદની લાગણી વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમ હાજર સહુએ ખૂબ માણ્યો અને વખાણ્યો હતો. ઝીણવટભરી કાળજી અને આયોજનથી આયોજકો સહુની દાદ મેળવી ગયા હતા.

ભાગ લેનાર ટીમોને ચાર-ચારના સમૂહમાં વહેંચીને, ચાર રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. જે સેમી ફાઈનલ રાઉન્ડ હતો. પ્રત્યેક સમૂહમાંથી એક ટીમને વિજેતા જાહેર કરી તેઓ વચ્ચે ફાઈનલ રાઉન્ડનું આયોજન થયું હતું.

ફાઈનલ રાઉન્ડમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ, એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, વેદ ઈન્ટરનેશનલ અને જમનાબાઈ નરસી મોનજી સ્કૂલ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. એકથી એક ચઢિયાતા રાઉન્ડમાં વિદ્યાર્થીઓ એ સારી લડત આપી હતી. છેવટે ફાઈનલ રાઉન્ડમાં સર્વોચ્ચ સ્કોર સાથે માઉન્ટ કાર્મેલ શાળાની ટીમ વિજયી થઈ હતી. મહર્ષિ રાવલના સુંદર સંચાલને સમગ્ર કાર્યક્રમને અદ્ભૂત સફળતા અપાવી યાદગાર બનાવી દીધો. વિષય નિષ્ણાત તરીકે શ્રીમતી આરતી ભટ્ટે સેવાઓ આપી હતી.

લાયન્સ કલબ સેક્રેટરી શ્રી પદમસિંહ ચૌહાણ, ટ્રેઝરર શ્રી રઘુસિંહ ગોલ, શ્રીમતી મમતા રાવલ, શ્રી શૈલેશ પટેલ, શ્રી નટુભાઈ સોલંકી, અર્ચનાબા વાઘેલા, પૂર્વપ્રમુખ શ્રી મહેન્દ્ર ઠક્કર, શ્રી જીતેન્દ્રસિંહ સોલંકી, શ્રી મધુસુદન વોરા, શ્રી વિજય કંસારા, લીઓ પ્રમુખ શ્રી કથન ત્રિવેદી ઉપરાંત અન્ય શાળાના પ્રતિનિધીઓ અને મોટી સંખ્યામાં પ્રેક્ષકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

આવતીકાલે સ્પાર્કસ-૨૦૧૬ અંતર્ગત 'ગાંધીનગર કા ડ્રામેબાઝ' - એકપાત્રિય અભિનય સ્પર્ધા યોજાશે.

## હરિદ્વાર શિવકથા નિમિત્તે આજે બેઠક

ગાંધીનગર, તા.૧

સુંદરધામ પરિવાર ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૦ ઓગષ્ટના રોજ હરિદ્વારમાં શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તો ગાંધીનગરથી હરિદ્વાર જનારા ભાવિકો માટે તા.૨ ઓગષ્ટના રોજ સે-૩ રામજી મંદિરમાં બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સે-૨૬ ગ્રીનસીટી સ્થિત હનુમાન મંદિર પાસે પણ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન પણ બેઠક યોજવામાં આવશે. આ દરમિયાન શિવકથાનો લાભ લેવા માટે હરિદ્વાર જવા નોંધાયેલા ભાવિકોને ટીકીટનું પણ વિતરણ કરવામાં આવશે.

## એમ.બી. પટેલ પ્રા. શાળાની વિદ્યાર્થીનીઓ બોકિંસગમાં ઝળકી

ગાંધીનગર, તા.૧

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ ગાંધીનગર શહેરની બોકિંસગ સ્પર્ધામાં કીક બોકિંસગ અને વૃશુમાં વિજેતા બની છે. જેમાં ધો-૮ઈની રાઠોડ નિશા અને રાઠોડ પિનલે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. ચૌધરી સોનલ, જાદવ વિશ્વા, પટેલ ધ્વનિ, મિસ્ત્રી ખુશ્બુ અને પ્રજાપતિ નિકિતા બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. જયારે પટેલ પ્રીતી અને પરમાર મિત્તલે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો છે. આ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નવ પરગણા ગરો બ્રાહ્મણ વિકાસ મંચના હોદ્દેદારોની વરણી

નવ પરગણા ગરો બ્રાહ્મણ વિકાસ મંચ દ્વારા સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વાનુમતે આ સંસ્થાના પ્રમુખ તરીકે ડૉ. પ્રવિણભાઈ જોષી, મહામંત્રી તરીકે ગીરીશભાઈ પંડયા, ઉપપ્રમુખ તરીકે કૌશિકભાઈ શ્રીમાળી અને રાજેન્દ્રભાઈ શ્રીમાળી, ખજાનચી તરીકે કીરીટભાઈ શ્રીમાળી, સંગઠન મંત્રી તરીકે હસમુખભાઈ સાધુ તથા સહમંત્રી તરીકે દિપકભાઈ પંડયાની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સલાહકાર પદે દુષ્યંતભાઈ શ્રીમાળી, પ્રવિણભાઈ શ્રીમાળી, ઝીણાભાઈ દવે, ભાનુભાઈ દવે, અમીતભાઈ શ્રીમાળી, ચીમનલાલ રાજગોર અને અમૃતલાલ શ્રીમાળીની વરણી કરાઈ હતી.

## ગુજરાતી વિષયના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧

ત્રિદલ સંસ્થા ગાંધીનગર દ્વારા ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં વર્ષ ૨૦૧૬ની ગુજરાત ઉચ્ચતર માધ્યમિક પરિક્ષામાં ગુજરાતી વિષયમાં ૭૫ ગુણથી વધુ ગુણ મેળવનાર જિલ્લાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ આગામી તા. ૧૨ ઓગષ્ટ સુધીમાં પોતાની માર્કશીટની નકલ સંસ્થાને પહોંચતી કરવા ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## શહેર અને જિલ્લાના આયુર્વેદિક દવાખાનાઓમાં આજે બાળકોને સુવર્ણપ્રાશન કરાવાશે

ગાંધીનગર, તા.૧

બાળકોને સુવર્ણપ્રાશન ટીપા વિના મૂલ્યે ઉપલબ્ધ થાય તે માટે શહેર અને જિલ્લાના વિવિધ સરકારી આર્યુવેદિક દવાખાનામાં વ્યવસ્થા કરવામાં આવી છે. જે અન્વયે તા. ૨ ઓગષ્ટે સવારે ૮.૩૦થી ૧૨.૩૦ તેમજ સાંજે ૪.૦૦થી ૬.૦૦ કલાક દરમિયાન બાળકોને સુવર્ણપ્રાશન કરાવવામાં આવશે તેમ જિલ્લા આયુર્વેદિક અધિકારી બી.ટી. પટેલે જણાવ્યું છે. ગાંધીનગરમાં પણ સે-૭ અને ૨૯માં આયુર્વેદિક દવાખાનામાં સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવાશે. આ ઉપરાંત પોર, જમિયતપુરા, અમિયાપુર, સરઢવ, કુડાસણ, રિદ્રોલ, પરબતપુરા, પીલજ, મગોડી, ઈસંડ, મગોડી, કલોલમાં પણ આયુર્વેદિક દવાખાનામાં બાળકોને સુવર્ણ પ્રાશન કરાવવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ આ વ્યવસ્થા કરવામાં આવી છે.

# ફેબ્રિક આર્ટ અને ડોલ મેકિંગ આર્ટ ડિઝાઈન અભ્યાસુઓનું માધ્યમ

## ગાંધીનગરના ૭૪ વર્ષીય આર્ટીસ્ટ રંજનબેન ભટ્ટની કળા અંગે યુનિટેક વર્લ્ડ ઓફ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈનની વિદ્યાર્થીનીઓવ સંશોધન પેપર તૈયાર કરી રહી છે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કલાશ્રી ફાઉન્ડેશનના પ્રણેતા અને ફેબ્રિક આર્ટ અને ડોલ મેકિંગ ક્ષેત્રે વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત કરનાર શહેરના ૭૪ વર્ષીય રંજનબેન ભટ્ટની કલા હવે વિદ્યાર્થીઓ માટે અભ્યાસનો સ્રોત બની રહી છે. ઉવારસદની યુનિટેક વર્લ્ડ ઓફ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈનની ત્રીજા વર્ષની ચાર વિદ્યાર્થીનીઓ રંજનબેન ભટ્ટની કલા અંગે સંશોધન પત્ર તૈયાર કરી રહી છે.

ફેબ્રિક આર્ટ અને ડોલ મેકિંગ ક્ષેત્રે ૧૯૬૦થી રંજનબેન કાર્યરત છે અને આ કલાને કલાશ્રી ફાઉન્ડેશન થકી તેમણે વૈશ્વિક કક્ષાએ પહોંચાડી છે. જેના કારણે ગાંધીનગર ડૉલ મેકિંગ આર્ટ ક્ષેત્રે જાણીતું બન્યું છે. દેશ અને દુનિયાના અનેક ભાગોમાંથી અનેક કલા રસિકો તથા કલાક્ષેત્રના વેપારીઓ કલાશ્રી ફાઉન્ડેશનની મુલાકાતે અવારનવાર આવે છે. કલાશ્રી ફાઉન્ડેશન થકી રંજનબેને કૌશલ્ય ધરાવતી શ્રમજીવી મહિલાઓ માટે આજીવિકાની નવી તકો ઉભી કરી છે. હાલ પણ તેમની પાસે ૧૫થી વધુ મહિલાઓ આ ક્ષેત્રે કાર્યરત છે. રંજનબેનના પુત્ર હરિન ભટ્ટે માતાના કલાવારસાને વૈશ્વિક સ્તરે લઈ જવા અનેરું યોગદાન આપ્યું છે. રંજનબેનની વિશેષતા અને કલાશ્રી ફાઉન્ડેશનની ખ્યાતિ હવે ડિઝાઈન ક્ષેત્રે અભ્યાસુઓને તેમની તરફ ખેંચી લાવી રહી છે.

આજના યુગમાં દરેક ક્ષેત્રે



ડિઝાઈન એ ખૂબ અગત્યનું પરિબળ બની ચુકયું છે. આ કારણે ડિઝાઈન ક્ષેત્રે અભ્યાસ કરવો એ ગૌરવપ્રદ બાબત ગણાય છે. ઉવારસદ ખાતે ચાલી રહેલ યુનિટેક વર્લ્ડ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન એ ડિઝાઈનીંગ ક્ષેત્રે નિષ્ણાંતો તૈયાર કરતી એક સંસ્થા છે. આ સંસ્થાની ચાર વિદ્યાર્થીનીઓ સ્તુતિ ભટ્ટ, મૈત્રી ઘોષ, કિન્નરી શાહ અને ઝીલ મહેતા તેમના અભ્યાસના ભાગરૂપે ફેબ્રિક ક્રાફટ અને ડોલ મેકિંગ આર્ટ અંગે સંશોધન પેપર તૈયાર કરી રહી છે. કો ઓર્ડિનેટર અમિત ખરસાણીના માર્ગદર્શનમાં આ વિદ્યાર્થીનીઓ ફેબ્રિક ક્રાફટ ક્ષેત્રે સમગ્ર રાજયમાં જયાં બેજોડ કામ થતા હોય તે અંગે અભ્યાસ કરી સંશોધન કરી રહી છે. આ અંતર્ગત તેમણે રંજનબેન ભટ્ટની આર્ટને તેમના સંશોધનપત્રમાં સમાવવા તેમની મુલાકાત લીધી હતી અને આગામી સમયમાં નિયમિત મુલાકાતો લઈ ગહન અભ્યાસ સાથે પૈપર તૈયાર કરશે.

## ભાવસાર મિત્ર મંડળના હોદ્દેદારોની વરણી

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા મંડળની સામાન્ય સભા યોજાઈ હતી. આ બેઠકમાં વાર્ષિક અહેવાલ, કાર્યક્રમોનું આયોજન તેમજ નવા હોદ્દેદારો-કારોબારી સભ્યોની નિયુકિતની વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત સભામાં મંડળના નવા પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ પોપટલાલ, ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ શાંતિલાલ અને જનકભાઈ ચીનુભાઈ, મંત્રી તરીકે જયપ્રકાશ ચિમનલાલ, સહમંત્રી તરીકે રાજેશભાઈ દશરથલાલ અને જગદીશચંદ્ર ચીમનલાલ, ખજાનચી તરીકે ગોવિંદભાઈ ચુનીલાલ, ઓડિટર તરીકે મનહરભાઈ તથા અન્ય કારોબારી સભ્યોની વરણી કરાઈ હતી.

## ગુરુવારે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૪ ઓગષ્ટને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે સાંજે ૪.૦૦ કલાકે મળશે. સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્યો તથા પદાધિકારીને ઉપસ્થિત રહેવા પ્રવરમંત્રી રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. મીરાબેન દેવીપ્રસાદ માંકડ, ઉ.વ. ૮૧
- સ્વ. ચંદુલાલ ભુદરલાલ ઠકકર, ઉ.વ. ૬૯
- સ્વ. ચમનાજી મસાજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. બળદેવભાઈ લાલદાસ પટેલ, ઉ.વ. ૮૫